# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-11-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડિયા** વાંચે છે.

**************************************************

1. આવતીકાલે ઝારખંડમાં પ્રથમ તબક્કામાં 43 બેઠકો સહિત 10 રાજયોની 31 વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે થશે મતદાન
2. મહારાષ્ટ્ર અને ઝારખંડમાં બીજા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ, NDA અને ઇન્ડિયા બ્લૉકના નેતાઓએ કર્યા આરોપ – પ્રત્યારોપ
3. દમણ-દીવ અને દાદરાનગર હવેલીના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ દમણમાં ઇજનેરી મહાવિદ્યાલય અને નિફ્ટ પરિસરની મુલાકાત લીધી
4. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં 66મા અખિલ ભારતીય કાલિદાસ સમારોહનું ઉદ્ઘાટન કર્યું
5. અને ચાલુ વર્ષે પ્રથમ છ માસિક ગાળામાં જાહેર ક્ષેત્રની બેંકોએ 236 લાખ કરોડ રૂપિયાના વેપાર સાથે 11 ટકાની વૃદ્ધિ દર્શાવી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JHARKHAND AND STATE BY ELECTION

ઝારખંડ વિધાનસભા ચૂંટણી સહિત 10 રાજ્યોની 31 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી આવતી કાલે યોજાશે. આવતી કાલે કેરળની વાયનાડ લોકસભા બેઠકની

પેટાચૂંટણી માટે પણ મતદાન થશે. આ ઉપરાંત ગુજરાતમાં વાવ વિધાનસભાની પેટાચૂંટણી માટે પણ મતદાન થશે.

ઝારખંડમાં પ્રથમ તબક્કામાં 43 બેઠકોની ચૂંટણી માટે તમામ સલામતી વ્યવસ્થા પૂર્ણ થઈ ગઇ છે. મતદાન સવારે સાત વાગે શરૂ થશે અને સાંજે પાંચ વાગે પૂર્ણ થશે. એક કરોડ 37 લાખથી વધુ મતદારો - 73 મહિલા ઉમેદવારો સહિત 683 ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. સલામતી દળોએ મતદારોમાં વિશ્વાસ કેળવવા માટે સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજી હતી. અગાઉ 10 રાજ્યોની 33 વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાવાની હતી, પણ સિક્કિમની બે બેઠકો પર સિક્કિમ ક્રાંતિકારી મોરચાનાં બંને ઉમેદવારોને બિનહરીફ જાહેર કરાતા હવે 31 બેઠકો માટે મતદાન યોજાશે.

## ASSAM-BYPOLLS

આસામમાં આવતીકાલે યોજાનારી પાંચ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કુલ 1 હજાર 78 મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. સામગુરી સહિત તમામ 5 વિધાનસભા બેઠકો પર શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પૂરતા સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે તમામ બેઠકો પર સત્તારૂઢ ભાજપ, આસોમ ગણ પરિષદ, યુનાઇટેડ પીપલ્સ પાર્ટી લિબરલ (UPPL) જોડાણ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા થવાની સંભાવના છે. જેમાં 9 લાખથી વધુ મતદારો 34 ઉમેદવારોનું રાજકીય ભાવિ નક્કી કરી શકે છે.

## KARNATAKA-BYPOLLS

કર્ણાટકની ચન્નાપટના, શિગગાવ અને સંદુર બેઠક પર આવતીકાલે થનારી વિધાનસભાની પેટા ચૂંટણીને લઈને તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. ચન્નાપટનામાં કેન્દ્રીય મંત્રી અને જેડીએસના વરિષ્ઠ નેતા એચ.ડી. કુમાર સ્વામીના પુત્ર નિખિલ

કુમારસ્વામી અને કોંગ્રેસના ઉમેદવાર સી.પી. યોગેશ્વર વચ્ચે સીધો જંગ છે. શિગગાવમાં ભાજપના સંસદસભ્ય બસવરાજ બોમ્માઇના પુત્ર ભરત બોમાઇ કોંગ્રેસના ઉમેદવાર યાસિર અહેમદ ખાન પઠાણ સામે મેદાનમાં છે.

સંદુરમાં કોંગ્રેસના ઉમેદવાર અને સાસંદસભ્ય ઇ. તુકારામ આ બેઠક પરથી ધારાસભ્ય હતા. આ વખતે પક્ષે તેમના પત્ની અન્નપુર્ણાને ટિકિટ આપી છે. સંદુરમાં 2 લાખ 36 હજારથી વધારે મતદારો છે, જેમની માટે 253 મતદાન કેન્દ્રો ઉભા કરાયા છે. શિગગાંવમાં 2 લાખ, 37 હજારથી વધારે મતદારો છે, જેઓ 196 જેટલા મતદાન કેન્દ્રોમાં મતદાન કરી શકશે. ચન્નાપટનામાં 2 લાખ 32 હજારથી વધારે મતદારો છે, જેમની માટે 276 મતદાન કેન્દ્રો ઉભા કરાયા છે.

## PM MAHA-SOLAPUR RALLY

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના સોલાપુરમાં ચૂંટણી સભાનેં સંબોધન કરતા વિપક્ષ સામે પ્રહાર કર્યા હતા. પ્રધાનમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ અનામત નીતિને નબળી પાડવાનો તેમજ દલિતો-આદિવાસીઓ અને ઓબીસી સમુદાય વચ્ચે ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહી છે. શ્રી મોદીએ સંબોધન કરતા મહાયુતી સરકારની વિવિધ યોજનાઓનો હવાલો આપતા કહ્યું કે મહાયુતી રાજ્યને સ્થિર સરકાર આપી શકે છે.

(BYTE – PM MODI)

## JHARKHAND-CAMPAIGNING

ઝારખંડમાં બીજી તબક્કાના વિધાનસભા ચૂંટણી પ્રચારને લઈને સત્તાપક્ષ અને વિપક્ષ પૂર જોશમાં પ્રચાર કરી રહ્યા છે. ધાનબાદના ઝારિઆમાં ચૂંટણી સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે હેમંત સોરેનની સરકાર સામે પ્રહારો કર્યા હતા.

(BYTE – AMIT SHAH JHARKHAND BYTE)

તો સિન્દરીમાં ચૂંટણી સભાને સંબોધતા ઝારખંડ મુક્તિ મોર્ચાના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેને નાગરિકોને સમજદારી પૂર્વક તેમના મતધિકારનો ઉપયોગ કરવાની અપીલ કરી. ઝારખંડમાં બીજા તબક્કા માટે રાજ્યની 38 બેઠકો પર 20 નવેમ્બરના રોજ મતદાન થનાર છે. જ્યારે 23 નવેમ્બરના રોજ મતગણતરી હાથ ધરાશે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ .રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો વધુ સમાચાર માટે આપ અમારા .એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## PREZ UT VISI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે  કેન્દ્રશાસિત પ્રદેશદાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના ત્રણ દિવસના પ્રવાસે છે. સુશ્રી મુર્મુએ આજે સાંજે જમ્પોરમાં પક્ષીગૃહ, દમણમાં સરકારી ઇજનેરી મહાવિદ્યાલય અને નિફ્ટ પરિસરની મુલાકાત લીધી હતી.

આવતીકાલે શ્રીમતી મુર્મૂ સેલવાસમાં નમો આરોગ્ય શૈક્ષણિક અને સંશોધન સંસ્થાન ખાતે જશે, જ્યાં તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે. શ્રીમતી મુર્મૂ ઝંડા ચોક શાળાનું પણ ઉદ્ઘાટન કરશે તેમજ સેલવાસમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે. તેઓ દીવમાં I.N.S. ખુકરી સ્મારકની પણ મુલાકાત લેશે.

## VP IN MP

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં 66માં અખિલ ભારતીય કાલિદાસ સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે વર્ષ 2022 – 2023 માટેનો કાલિદાસ અલંકરણ પુરસ્કાર એનાયત કરાયા હતા. ચાર વિદ્યાઓમાં કુલ આઠ વિદ્વાનોને સમ્માનિત કરાયા હતા.

આ પ્રસંગે સંબોધન કરતા ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું કે, મહાકવિ કાલિદાસની રચનાઓમાં માનવીય ભાવનાઓ, મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેના અતૂટ સંબંધ અને પ્રેમુની પવિત્રનો અદ્ભૂત સંગમ જોવા મળે છે. તેમણે ઉમેર્યું કે આ મહાન કવિએ પર્યાવરણ સંરક્ષણ જેવા જ્વલંત મુદ્દાઓ વિશે લખ્યું છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે કાલિદાસનું સમ્માન ભારતની સંસ્કૃતિનું સમ્માન છે. તેમણે કહ્યું કે જે સમાજ પોતાની સંસ્કૃતિને જાળવી શકે છે, તે વધુ સમય સુધી ટકી શકે છે. 18 નવેમ્બર સુધી ચાલનારા આ આયોજનમાં મહાકવિ કાલિદાસની રચનાઓ તેમજ અન્ય વિષયો પર ચર્ચા થશે.

આ પૂર્વે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને લઈ જઈ રહેલું વિમાન લૉ - વિઝિબ્લિટીને કારણે લુધિયાનાના હલવારા એરફોર્સ સ્ટેશને ઉતરાણ ન કરી શક્યું. ઉપરાષ્ટ્રપતિ અહીં પંજાબ કૃષિ યુનિવર્સિટીમાં આયોજીત આંતરરાષ્ટ્રીય સંમેલનના ઉદ્ઘાટન સમારોહને સંબોધિત કરવાના હતા.

## REV. PATIL-ASSAM

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે કહ્યું છે કે દેશની અર્થવ્યવસ્થા જળસંસાધનો પર નિર્ભર છે, અને આપણા જળાશયોને બચાવવા તેમજ તેમને પુર્નજીવીત કરવાની ફરજ આપણી પોતાની છે. આસામના ગુવાહાટીમાં સ્પ્રિંગશેડ મેનેજમેન્ટ પર આયોજીત બે દિવસીય કાર્યશાળાના ઉદ્ઘાટન પ્રસંગે વાત કરતા તેમણે જળસ્ત્રોતોના સંવર્ધન માટે જાગૃતિ લાવવા પર ભાર મૂક્યો હતો.

(BYTE –સી. આર. પાટિલ, કેન્દ્રીયજળશક્તિ મંત્રી)

તેમણે ઉમેર્યું કે 2047 સુધીમાં વિકસીત ભારતનું સ્વપ્ન ટકાઉ જળ સંસાધનો વિના સાકાર થઈ શકશે નહીં. કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ બ્રહ્મપુત્રા બોર્ડની 13મી સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

## PUBLIC SECTOR BANKS

વર્ષ 2024 – 2025ના પ્રથમ છ માસિક ગાળામાં જાહેરક્ષેત્રની બેંકોએ 11 ટકાની વર્ષિક વૃદ્ધિ સાથે મજબૂત કામગીરી દર્શાવી છે. આ મહિનામાં જાહેર ક્ષેત્રની બેંકોનો કુલ નાણાકીય વેપાર 236.04 લાખ કરોડ રૂપિયા જેટલો રહ્યો છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે કેટલાક વર્ષોમાં મોટા બેંકિંગ સુધારા હાથ ધરાયા છે, જેને કારણે સમગ્ર બેન્કિંગ ક્ષેત્રની નાણાકીય સ્થિતિ મજબૂત બની છે.

વૈશ્વિક ક્રેડિટ પોર્ટફોલિયોમાં 12.9 ટકા જ્યારે ડિપોઝિટ પોર્ટફોલિયોમાં વર્ષિક 9.5 ટકાનો વધારો થયો છે. જ્યારે જાહેર ક્ષેત્રની બેંકોએ AI, ક્લાઉટ અને બ્લૉકચેઇન જેવી નવી ટેક્નોલોજીની મદદથી નોંધપાત્ર પ્રગતિ કરી છે, સાથે જ સાઇબર સુરક્ષાના પડકારોનો સામનો કરવા જરૂરી વ્યવસ્થા કરી છે.

## KERALA-SWINE FEVER

કેરળમાં, કન્નુર જિલ્લામાં આફ્રિકન સ્વાઈન ફીવરના કેસ બહાર આવતા તંત્ર સાવચેત થઇ ગયું છે. એક ખાનગી ફાર્મમાં આ કેસની જાણ થયા બાદ નેલ્લીયોડીમાં ત્રણ ખેતરોમાં ડુક્કરને મારવાનો આદેશ આપ્યો છે. ખેતરની આસપાસના એક કિલોમીટરના વિસ્તારને અસરગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે, જ્યારે ખેતરની આસપાસના 10 કિલોમીટરના વિસ્તારને સર્વેલન્સ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. અસરગ્રસ્ત વિસ્તારમાં સ્વાઈન માંસના વેચાણ પર પણ ત્રણ મહિના માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## PM BILLIARDS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પંકજ અડવાણીને વિશ્વ બિલિયર્ડ ચેમ્પિયન 2024 બનવા પર શુભેચ્છા પાઠવી છે. શ્રી મોદીએ તેમના સમર્પણ, જુસ્સા અને પ્રતિબદ્ધતા બદલ તેમની પ્રશંસા કરી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું છે કે તેમની આસફળતા ભવિ રમતવીરોને પ્રેરિત કરશે.